

પ્રાંતિજ તાલુકાના સાંપડ ગામે આવેલ સુપ્રસિદ્ધ મહાકાલી માતાજીના મંદિરે જતા રોડની બાજુમાં આવેલ તળાવમાં કમળના ફૂલથી સૌંદર્ય ખીલી ઉઠતા રવિવારે તેમજ પૂનમના દિવસે મહાકાલી માતાજીના દર્શને જતા ભાવિ ભક્તો ઘડીભર ઉભા રહીને કમળના ફૂલોની સૌંદર્યતા જોઈને જાય છે.

# મોડાસામાં લૂંટની ઘટનાનો ૪૮ કલાકમાં ભેદ ઉકેલાયો

**મુથુટ ફીનકોર્પેના કર્મચારીને આઈપીએલ સટ્ટામાં દેવુ થઈ જતા ૭ લાખની નકલી લૂંટનો પ્લાન બનાવ્યો : ૭ લાખની લૂંટમાં કર્મચારી સહિત ૪ને પોલીસે દબોચી લીધા : બે આરોપીઓ લંડન રીટર્નસ : ૪૮ કલાકમાં ચોરીનો ભેદ ઉકેલવામાં સફળતા**

મોડાસા, તા. ૨

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના માલપુર રોડ પર આવેલી મુથુટ ફીનકોર્પેનો કર્મચારી સામેની બાજુએ આવેલી આઈ.સી.આઈ.સી.આઈ. બેંકમાં ૩૦ એપ્રિલ શનિવારના બપોરે ૧૨.૩૦ કલાકે ૭ લાખ રૂપિયાની રોકડ રકમ બેગમાં ખભે ભરાવીને જતો હતો ત્યારે બે અજાણ્યા શખ્સોએ બાઈક પર આવી ધક્કો મારી લૂંટ ચલાવી ફરાર થઈ જવાની ઘટના બનતા જિલ્લામાં ખળભળાટ મચી ગયો હતો. ઘટનાની ગંભીરતા સમજી અરવલ્લી જિલ્લા પોલીસ વડા સહિતનો પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને લુંટનો ભેદ ઉકેલવા જુદી જુદી ટીમો બનાવી ૪૮ કલાકમાં જ ગુન્હાનો ભેદ ઉકેલી ખુદ ફરીયાદી કર્મચારી હારૂનરસીદ ઐયુબભાઈ મોડાસીયા લૂંટનો મુખ્ય સૂત્રધારને આરોપી તરીકે દબોચી લઈ લૂંટની ગુન્હામાં મદદગારી કરનાર ત્રણ અન્ય સાગરીતોને ઝડપી લઈ જેલના સળીયા પાછળ ધકેલી દીધા હતા.

મોડાસા શહેરના માલપુર રોડ પર આવેલી મુથુટ ફીનકોર્પ ફાઈનાન્સ કંપનીમાં નોકરી કરતો હારૂન રસીદ ઐયુબભાઈ મોડાસીયા (રહે. સમ્મેહીદાયત સોસાયટી, મોડાસા)ને તાજેતરમાં ચાલતી આઈપીએલની ક્રિકેટ મેચમાં સટ્ટો રમવાની ખરાબ આદત મોંઘી પડતા સટ્ટા બેટીંગમાં ત્રણ લાખ રૂપિયા હારી જતા માથે દેવુ થઈ જતા પોતાની જ ઓફિસની રોકડ રકમ લૂંટવાનો નકલી પ્લાન બનાવી આ નકલી લૂંટમાં તેના મિત્રો શાહબાજ સિકંદર ચગન (રહે. શમા સોસાયટી, ડુગરવાડા રોડ, મોડાસા), માહિત ઈમ્તીયાઝ સુથાર (રહે. ટ્રાન્સપોર્ટનગર સોસાયટી મોડાસા) તથા ઈઝમામ મો. હુસૈન સાકરીયાવાલા (રહે. મનવાહીલ સોસાયટી, મોડાસા) ખતરનાક પ્લાન બનાવી પ્લાન મુજબ હારૂન રસીદ મોડાસીયા રોજિંદી ફરજ મુજબ મુથુટ ફીનકોર્પમાંથી ૭ લાખ રૂપિયા ભરવા જતો હતો ત્યારે ઈઝમામ મો. હુસેન સાકરીયાવાલા તેની મોટર સાયકલ (ગાડી નં. જીજે૯.સીજે. ૬૪૦૯) લઈ હારૂન રસીદ મોડાસીયા પાસે રહેલો થેલો લઈ ભાગી ગયા પછી ખોટી રીતે બૂમાબૂમ કરી તેના ફાયનાન્સ કંપનીના મેનેજરનો કોઈ અજાણ્યો બાઈકસવાર ૭ લાખ રૂપિયા લૂંટીને ફરાર થઈ ગયો હોવાનું રટણ કરતા પોલીસ ફરિયાદ કરાઈ હતી. મોડાસા શહેરના ભરચક માલપુર રોડ પર ૭ લાખ રૂપિયાની લૂંટની ઘટના બનતા જિલ્લા પોલીસવડા સહિતની પોલીસ કાફલો ઘટનાસ્થળે ધસી આવી અલગ અલગ ટીમો બનાવી કર્મચારીની વર્તણૂંક શંકાસ્પદ જણાતા પોલીસે કર્મચારીની સઘન તપાસ હાથ ધરતા ખૂદ ફરીયાદી હારૂન રસીદ મોડાસીયા જ લૂંટનો માસ્ટર માઈન્ડ હોવાથી દબોચી લઈ તેને મદદગારી કરનાર અન્ય ત્રણ આરોપીઓને દબોચી લીધા હતા.

અરવલ્લી જિલ્લા ડીવાયએસપી કે.એફ. બડોલીયાના જણાવ્યા મુજબ અરવલ્લી જિલ્લા એલસીબી, એસઓજી તેમજ ટાઉન પોલીસની અલગ અલગ ટીમો બનાવી ૭ લાખ રૂપિયાની રોકડ રકમની લૂંટની ગંભીરતા સમજી તાબડતોડ ૪૮ કલાકમાં લૂંટની ઘટનાનો ભેદ ઉકેલવામાં સફળતા મળી હતી.

### ૭ લાખની લૂંટની રકમમાં બે આરોપીઓ લંડન રીટર્નસ

મોડાસા શહેરમાં ૩૦ તારીખે થયેલી ફાઈનાન્સ કંપનીની ૭ લાખ રૂપિયાની દિલધડક લૂંટમાં મુથુટ ફીનકોર્પેનો કર્મચારી હારૂન રસીદ મોડાસીયા સહિત અન્ય ત્રણ આરોપીઓ સુખી ઘરના નબીરા છે. તદ્ઉપરાંત શાહબાજ સિકંદરભાઈ ચગન અને માહિર ઈમ્તીયાજ સુથાર અભ્યાસ અર્થે લંડન જઈ અભ્યાસ પૂર્ણ કરી ભારતમાં પરત ફર્યા હતા. મિત્રને દેવુ થઈ જતા લૂંટની ઘટનામાં મદદ કરવા જતા ત્રણ આરોપીઓની કારકિર્દી રોળાઈ છે.



# સુઈ ગામ તાલુકાના રડોષણ ગામમાં ૩ હજારની વસ્તી વચ્ચે માત્ર બે જ ટાંકીઓ

## ખારાશયુક્ત જમીનનું પાણી નકામુ હોવાથી અબોલ જીવો પણ આવુ પાણી પિતા નથી

પાલનપુર, તા. ૨

બનાસકાંઠા જિલ્લાના ગામોમાં સરહદ પર વસતા ગામોમાં જ્યાં નર્મદાનું પાણી પણ પહોંચી શકતુ નથી ત્યાં હવે મોડે મોડે વહીવટીતંત્ર દ્વારા ટાંકીઓ દોડાવવામાં આવી રહ્યા છે, જો કે સુઈગામ તાલુકાના રડોષણ ગામમાં ૩ હજારની વસ્તી વચ્ચે માત્ર બે જ ટેન્કર આવે છે અને તે પણ મોળુ અને કાટવાળુ પાણી આવે છે.





સુઈગામ તાલુકાનું છેવાડાનું આ રડોષણ ગામ ૩ હજારની વસ્તી ધરાવે છે. ગામમાં આમ તો ત્રણ તળાવ છે જો કે બે તળાવ સુકાઈ ગયા છે અને તેમાં જમીન ફાટી જતા ભયાનક દુષ્કાળના ઓછાયા જેવા ચિત્રો નજરે પડે છે. ગામમાં આવેલા અન્ય એક તળાવમાં પાણી સાવ ખારુ છે જેનો ઉપયોગ પશુઓ નાહવા અને ગૃહિણીઓ ઘર વપરાશના કામ માટે કરે છે અને ગૃહિણીઓ અહીંના ખરસ વાળા તળાવનું પાણીમાં બેડામાં ભરીને ઘર વપરાશમાં યુઝ કરે છે. ગામમાં પશુના પીવાના હવાડા તો બનાવવામાં આવ્યા છે પરંતુ તેમાં પાણી નથી સુકા ભટ્ટ હવાડામાં પાણીનું એકેય ટીપું ગોત્યું જડતુ નથી. ગામમાં રહેતા જે લોકો સુખી છે તે પૈસાથી પાણી લાવવા પોતાના વાહનો દોડાવી પાણી એકઠું કરે છે અહીં મીઠા પાણીના બોર માટે અનેક કીલોમીટર દૂર જવું પડતું હોય છે. આ વિસ્તારની ખારાશયુક્ત જમીનનું પાણી નકામું હોવાથી અબોલ જીવો પણ આવુ પાણી પિતા નથી. આ વિસ્તારના લોકોનું માનીએ તો ગામમાં દરરોજ માત્ર બે જ ટેન્કર આવે છે જેમાં પણ કાટ હોય છે અને પાણી પણ મોળુ હોય છે. તો વળી કેટલાક લોકો પોતાના વાહનો દ્વારા દસથી બાર કિલોમીટર દૂર સુઈગામ સુધી પાણી ભરવા લાંબા થાય છે.

# તલોદ શહેરમાં કોંગ્રેસની પાણી યાત્રાનું ભવ્ય સ્વાગત

તલોદ, તા. ૨

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા રાજ્યભરમાં પાણી યાત્રાનું આયોજન કરેલ છે. જે અન્વયે સાબરકાંઠા જિલ્લામાં ૨૬ થી ૨૮ના રોજ યાત્રા યોજાઈ હતી અને તા. ૨૮ એપ્રિલના રોજ વિવિધ તાલુકાના પ્રવાસ કરી તલોદ તાલુકામાં પ્રવેશ કર્યો હતો. જેનું તલોદ શહેરમાં ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પાણી યાત્રામાં જિલ્લા નિરીક્ષક કિરીટભાઈ પટેલ, જિલ્લા પ્રમુખ રાજેન્દ્રસિંહજી, જિલ્લા પક્ષ પ્રમુખ ડૉ. વિપુલભાઈ પટેલ, ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, તલોદ નગરપાલિકાના પૂર્વપ્રમુખ પ્રો. રંગુસિંહ સોલંકી, પાણી યાત્રાના જિલ્લા કન્વીનર વિનુભાઈ પટેલ તથા મોટી સંખ્યામાં જિલ્લા અને તાલુકા શહેરના કાર્યકરો જોડાયા હતા.

પાણી યાત્રાનો મૂળભૂત ઉદ્દેશને સમજાવીને ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાએ સરકારની નિષ્ફળતાઓ ઉજાગર કરી હતી. રાજ્યનો ઘણો ખરો વિસ્તાર હાલ પાણી-પાણીના પોકાર કરી રહ્યો છે ત્યારે સરકાર ફક્ત કાગળ ઉપરની કાર્યવાહી કરી ઢાંકપિછોડો કરી રહી હોવાનો બળાપો પણ ધારાસભ્યએ વ્યક્ત કર્યો હતો. જ્યારે તલોદ પાલિકાના પૂર્વ પ્રમુખ પ્રો. રંગુસિંહ સોલંકીએ પણ પાણીના સળગતા પ્રશ્ન અંગે સરકારની કાર્યવાહીને આડે હાથ લઈ જુઠ્ઠા વચનો યાદ અપાવ્યા હતા. તેમજ પાણી અંગે સરકારે અગમચેતી ન કરી હોવાથી રાજ્યના અનેક લોકો પાણી વગર તરસે મરી રહ્યા છે. જેથી સરકારે સત્વરે પાણી અંગેની સમસ્યા હલ કરવા માટે યોગ્ય પગલા લેવા જોઈએ તેવી માંગ કરી હતી. મોટી સંખ્યામાં જોડાયેલા કાર્યકરોએ પણ સુત્રોચ્ચાર અને નારાબાજી કરી પાણી પ્રશ્ને સરકાર નિષ્ફળ નિવડી હોય તેવું જણાવ્યું હતું.



# વિજાપુરમાં ખેડૂત પાસેથી ધોળે દિવસે ૩ લાખની લૂંટ

મહેસાણા, તા. ૨

મહેસાણા જિલ્લાના વિજાપુર ખાતે બેંકમાં લોનના નાણાં ભરવા માટે આવેલ એક ખેડૂત પાસેથી મોટરસાયકલ પર આવેલા ત્રણ અજાણ્યા શખ્સો રૂપિયા સાડા ત્રણ લાખની લુંટ ચલાવી ફરાર થઈ ગયા હતા. જો કે ત્રણ પૈકી એક શખ્સને લોકોએ ઝડપી લઈ પોલીસને સુપરત કર્યો હતો.

વિગત એવી છે કે વિજાપુર તાલુકાના માલોસણ ગામે ખેડૂત ગાંડાલાલ પટેલ આજે બપોરના સમયે બેંક ઓફ ઈન્ડિયાની વિજાપુર શાખામાં લોનના નાણાં ભરવા માટે આવ્યા હતા ત્યારે બપોરના સાડાબાર વાગ્યાના સુમારે બેંક આગળ અચાનક મોટરસાયકલ પર ત્રણ અજાણ્યા શખ્સો આવ્યા હતા અને ખેડૂત પાસેથી રૂપિયા સાડા ત્રણ લાખની રોકડ રકમની લુંટ ચલાવી હતી. આ સમયે ખેડૂતે બુમાબુમ કરતા આસપાસમાંથી લોકો દોડી આવ્યા હતા અને ત્રણ લુંટારૂઓ પૈકી એક લુંટારૂને પકડી પાડ્યો હતો અને બાદ પોલીસને હવાલે કર્યો હતો. પકડાયેલ શખ્સ પાસેથી લુંટમાં ગયેલ રોકડ રકમ પૈકી રૂપિયા દોઢ લાખ ઉપરાંતની રોકડ રકમ મળી આવી હતી.

આ ઘટનાની જાણ થતા વિજાપુર પોલીસ અને મહેસાણા એસઓજી પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી અને લુંટ ચલાવી ફરાર થયેલ બે લુંટારૂઓની શોધખોળ આદરી હતી. આ અંગે વિજાપુર પોલીસે લુંટનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# સામતેલાના ઈસમની આંખોમાં મરચુ નાખી ચાર જણાએ ૫૯ હજારની લૂંટ કરતા ફરિયાદ

હિંમતનગર, તા. ૨

વિજયનગર તાલુકાના સામતેલા ગામનો ઈસમ શનિવારે સવારે રાજસ્થાન તેની ફોઈ પાસે ઉછીના લીધેલા પૈસા આપવા ડગલાની સીમમાંથી મોટરસાયકલ પર નીકળ્યો હતો. જેની આંખમાં મરચાનો ભૂકો નાખી અજાણી સ્ત્રી અને તેના ત્રણ પુરૂષ મિત્રોએ મોટરસાયકલની ચેન અને પટ્ટાથી માર મારી સોનાની ચેઈન, રોકડા રૂપિયા અને મોબાઈલ મળી રૂ. ૫૯ હજારનો મુદ્દામાલની લૂંટ કરતા ચકચાર મચી જવા પામી છે. જે અંગે ઈસમે વિજયનગર પોલીસ મથકમાં ફરિયાદ કરતા પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

સામતેલા ગામના કેશુભાઈ નાનજીભાઈ પટેલા ગત શનિવારે સવારે પોતાના મોટરસાયકલ પર બેસી રાજસ્થાન પોતાની ફોઈ પાસેથી ઉછીના લીધેલા પૈસા આપવા નીકળ્યો હતો. જે વસાઈ-ડગલા ગામની સીમમાંથી પસાર થતો હતો તે સમયે એક અજાણી સ્ત્રી અને ત્રણ પુરૂષોએ તેની આંખમાં મરચુ નાખતા કેશુભાઈ રસ્તા પર પડી ગયો હતો. ત્યારબાદ અજાણી સ્ત્રી અને તેના સાથી પુરૂષ મિત્રોએ કેશુભાઈના ગળામાં પહેરેલી રૂ. ૪૫ હજારની સોનાની ચેઈન અને રોકડ રૂ. ૧૨ હજાર તથા સેમસંગ કંપનીનો રૂ. ૨ હજારનો મોબાઈલ ફોન લૂંટી લઈ મોટરસાયકલની ચેન તથા સોટાનો માર મારી ગંભીર ઈજાઓ પહોંચાડી ભાગી ગયા હતા.

બનાવ અંગે કેશુભાઈ પટેલાએ અજાણી સ્ત્રી તથા તેના ત્રણ પુરૂષ મિત્રો વિરૂદ્ધ વિજયનગર પોલીસ મથકમાં ફરિયાદ કરતા પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે. જ્યારે ડગલા ગામની સીમમાં ધોળે દહાડે બનેલી આ ઘટનાને પગલે ચકચાર મચી જવા પામી છે.



## ઈન્ટરનેશનલ એન્ટી ટેરેરીઝમ મૂવમેન્ટ અભિમાનના મહાસચિવ મોડાસાની મુલાકાતે

ગુજરાત રાજ્યના સ્થાપના દિને આંતરરાષ્ટ્રીય આતંકવાદ વિરોધી અભિયાનના ગુજરાત પ્રદેશના મહાસચિવ પ્રકાશ ઉપાધ્યાય અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા ખાતે મુલાકાત લીધી હતી, એ દરમ્યાન અરવલ્લી જિલ્લામાં નવ નિયુક્ત થયેલ ઈન્ટરનેશનલ એન્ટી ટેરેરીઝમ મુવમેન્ટના અધ્યક્ષ તથા મોડાસાની પ્રથમ નગરપાલિકાના કોર્પોરેટર હસમુખ સોની તથા મહામંત્રી મનીષ ભાવસારે સ્વાગત કર્યુ હતું. સાથે સામાજીક કાર્યકર, જીવદયા પ્રેમી, જાયન્ટસ ઈન્ટરનેશનલ ગ્રુપના યુનિટ ડાયરેક્ટર નીલેશ જોષી, મોડાસા ના.સ.બેન્કના ડીરેક્ટર અશોકકુમાર ભાવસાર ઉપસ્થિત રહ્યા હતા.

# મહેસાણા જિલ્લા ભાજપના નવનિયુક્ત પ્રમુખ નીતિન પટેલનો સન્માન સમારંભ યોજાયો

મહેસાણા, તા. ૨

મહેસાણા જિલ્લાના ખેરાલુ તાલુકાના ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો દ્વારા જિલ્લા ભાજપના નવનિયુક્ત પ્રમુખ નિતીનભાઈ પટેલનો સન્માન સમારંભ અને સાકરતુલા કાર્યક્રમનું આયોજન કરાયુંહતું. ખેરાલુ શહેરમાં પ્રજાપતિ સમાજવાડી ખાતે યોજાયેલ કાર્યક્રમમાં ભાજપના પદાધિકારીઓ અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

પ્રદેશ ભાજપ મહામંત્રી કે.સી. પટેલે જણાવ્યું હતું કે આજે ભારતીય જનતા પાર્ટી વિશ્વની સૌથી મોટી પાર્ટી બની છે. દેશનું પ્રતિનિધિત્વ કરી રાષ્ટ્રનું ગૌરવ સમગ્ર વિશ્વમાં ઉજાગર થઈ રહ્યું છે. ૨૧ ઓક્ટોબર ૧૯૫૧થી છેવાડાના માનવીના વિકાસની વિચારધારા સાથે શરૂ થયેલ ભાજપમાં આજે ૧૧ કરોડ પ્રાથમિક સભ્યો છે. આ પાર્ટીની વિચારધારામાં ગરીબો અને વંચિતોનો વિકાસ રહ્યો છે. વિશ્વના સૌથી મોટા પરિવારમાં અદના કાર્યકરનું પણ સન્માન થાય છે.

ગૃહરાજ્યમંત્રી રજનીકાન્ત પટેલે ટીમ ભાજપ ખેરાલુને કાર્યક્રમનું આયોજન કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. મંત્રીએ જણાવ્યું હતું કે કોઈ પણ પક્ષને મજબુત બનાવવા માટે તેના નેતૃત્વ પરનો વિશ્વાસ જરૂરી છે. દરેક કાર્યકર્તાએ પક્ષમાં સમાનભાવે કામ કરવુ જોઈએ. કાર્યકર્તાઓનો મુખ્ય હેતુ સમાજની સેવા હોવી જોઈએ. પક્ષના દરેક કાર્યકર્તાએ સકારાત્મક ઉકેલ આવે તે રીતે સમજ લઈને હકારાત્મક દિશામાં કામ કરવા જણાવ્યું હતું. ભાજપ પ્રમુખ નીતિનભાઈ પટેલના સત્કાર સમારંભમાં અનુસૂચિત જાતિ વિકાસ નિગમના ચેરમેન રમેશ સોલંકી, ખેરાલુ તાલુકા શહેરના ભાજપના પદાધિકારીઓ, આગેવાનો, કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.





## પ્રાંતિજ શાળાના શિક્ષિકાનો નિવૃત્ત વિદાય સમારંભ યોજાયો

પ્રાંતિજ ખાતે ભાખરીયા બસસ્ટેશન પાસે આવેલ ગુજરાતી પ્રાથમિક શાળા નં. ૨માં શિક્ષિકા તરીકે ફરજ બજાવતા રાવલ ભારતીબેન દલસુખરામ કે જેવો સરકારી ધારા ધોરણ મુજબ વય મર્યાદાના કારણે નિવૃત્ત થતા શાળા પરિવાર દ્વારા વિદાય સમારંભ રાખવામાં આવ્યો હતો. જેમાં શાળાના આચાર્ય કિશનસિંહ પરમાર, સી.આર.સી. કૌશિકભાઈ પટેલ, એસ.એમ.સી. સભ્ય શંભુભાઈ રાવલ તથા સ્ટાફ પરિવાર સહિત ભારતીબેન રાવલના સગાસંબંધીઓ ઉપસ્થિત રહીને ભારતીબેનને નિવૃત્ત જીવનની શુભેચ્છાઓ પાઠવી હતી.

# પ્રાંતિજના સોનાસણમાં પ્લોટની બાબતે ધારીયા વડે હુમલો

પ્રાંતિજ, તા. ૨

પ્રાંતિજ તાલુકાના સોનાસણ ગામે પ્લોટ લઈ લેવાની બોલાચાલી બાદ ધારીયા વડે હુમલો કરી ફરીયાદીને ઈજાઓ પહોંચાડતા પોલીસ ફરીયાદ નોંધાઈ હતી.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજ તાલુકાના સોનાસણ ગામે પ્લોટની તકરારમાં આરોપીએ ઉશ્કેરાટમાં આવીને તેના હાથમાં ધારીયું લઈને આવીને ફરીયાદીને કહેવા લાગેલ કે તે મારો પ્લોટ કેમ લઈ લીધો માટે તને મારો પ્લોટ આપવાનો ન હતો તેમ કહી ફરીયાદી સાથે જપાજપી કરી ધારીયા વડે હુમલો કરી ઈજાઓ પહોંચાડતા ફરિયાદી પશાભાઈ કાળાભાઈ રહે. સોનાસણ, ચમારવાસ દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરતાં પ્રાંતિજ પોલીસે જિલ્લા મે.ના ગુનાનો ભગં અને ધારીયા વડે હુમલો કરનાર વિરૂદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## ભટેળા પ્રાથમીક શાળામાં તિથી ભોજન યોજાયુ

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના ભટેળા ગામની ભટેળા પ્રાથમીક શાળામાં તિથી ભોજન યોજાયુ. આ પ્રસંગે અરવલ્લી જીલ્લા પ્રાથમીક શિક્ષક સંઘ મહામંત્રી ધનજીભાઈ નિનામા, ભટેળા પ્રાથમીક શાળા આચાર્ય, સ્ટાફ પરીવારની ઉપસ્થિતીમાં નવિન એસ.એમ.સી. સભ્યોની રચના કરવામાં આવી હતી. ભટેળા પ્રાથમીક શાળમાં વાલી સંમેલન યોજાયું હતું. ભટેળા પ્રાથમીક શાળામાં તિથી ભોજનના મુખ્ય દાતા અરવલ્લી જીલ્લા પ્રાથમીક શિક્ષક સંઘ મહામંત્રી ધનજીભાઈ નિનામા હતા. ભટેળા પ્રાથમીક શાળાના વિદ્યાર્થીઓ અને ગ્રામજનોમાં આનંદની લાગણી પ્રસરી હતી.